સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

આત્માનો અવાજ હવે તો કરોડોમાં વેંચાય છે,
ગૌરવ અને ગરિમા પૈસા પાછળ ખેંચાય છે.
બદલાય છે સિદ્ધાંતો વેશ્યાના વિશ્વાસ જેમ -
બેવફાઈ - દગાખોરી તરફ આંખો મિંચાય છે...

હાઈકુ

સ્વમાન સાથે,
લ્યો! આબરુનું પણ -
થાય લીલામ!

પૈસા ખાતર
વેંચે જાતને પણ -
આ નેતાશ્રીઓ...

ચિંતન

વિદ્યા શસ્ત્ર ચ દ્વે વિદ્યે પ્રતિપત્તયે ।
આદ્યા હાસ્યાય દ્વિતીયાદ્રિયતે સદા ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

શસ્ત્રવિદ્યા અને શાસ્ત્રવિદ્યા આ બે પ્રાપ્ત કરવા યોગ્ય વિદ્યાઓ છે. આમાં શસ્ત્રવિદ્યા વૃદ્ધાવસ્થામાં હાસ્યાસ્પદ બનાવે છે. જ્યારે શાસ્ત્રવિદ્યા સદા આદર અપાવે છે.

શસ્ત્ર આપણી હિંસકવૃત્તિની પોષક છે. બચાવ-સુરક્ષા અને નિર્બળની સુરક્ષા માટે તેનો ઉપયોગ થાય તો એ ખોટું પણ નથી પણ જો તેનો ઉપયોગ સાચવીને થાય, ન્યાયી રીતે થાય તો જ યોગ્ય છે.

જ્યારે શાસ્ત્ર તો કોઈ પણ વયે ઉપયોગી અને માન-સન્માન અપાવે છે.

સુવિચાર

- તમે જે ખરેખર છો તે જોરશોરથી તમારા વર્તન દ્વારા પોકારી રહ્યું છે - **ઓશો**
- જખમ અને જોખમનો સરવાળો એટલે જિંદગી - **આનંદસૂત્ર**
- સમજરૂપી બીજમાંથી 'સમજણ' નામનું વૃક્ષ ઊભું થાય છે - **સુરેશ દલાલ**
- પ્રતિભાવ આપવો હકારાત્મક છે, પ્રતિક્રિયા આપવી નકારાત્મક છે - **બોધિ વૃક્ષ**
- તટસ્થ દૃષ્ટિકોણ અને સ્વતંત્ર વિચારો એ ક્રાંતિકારી વિચારધારાનાં પાયાનાં લક્ષણો છે - **ભગતસિંહ**
- મનુષ્યમાં જેટલી દુષ્ટ બુદ્ધિ છે, એ બધી જ ધર્માંધતાનું જ પરિણામ છે, ધર્માંધતા એક ભયંકર રોગ છે - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : જીરૂ, હિંગ અને સિંધવની ફાકી ઘી સાથે મિક્સ કરી અડધી - અડધી ચમચી સવાર - સાંજ લેવાથી શરીરનો દુઃખાવો મટે છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

આરબ દેશમાં સુફી સંત આરિફ સુભાની થઈ ગયા. સાવ સીધા સાંદા સંત હતા. સાદા કપડા અને ઉચ્ચ વિચાર. એમની એટલી જ મિલકત હતી. એકવાર એક માણસ એમની પાસે આવ્યો અને કહ્યું કે હું તમારી પાસે રહીને અલ્લાહની બંદગી કરવા ઈચ્છું છું. ત્યારે સંતે પૂછ્યું, 'શું તમને બીજું કોઈ ન મળ્યું તો મારી પાસે આવ્યા ?' પેલા માણસે કહ્યું, 'મેં કોઈ બીજી વ્યક્તિ વિશે વિચાર્યું જ નથી. તમે જ કહો હવે હું શું કરું ?' મેં નક્કી કર્યું છે કે, આપનાથી હું કંઈક જ્ઞાન મેળવવા માંગુ છું, તમે જ કહો હું કોની પાસે જાઉં ?

સંતે કહ્યું, 'જો તમે મુસ્લિમ છો તો ઈસાઈ પાસે જાવ, જો શિયા હોય તો સુન્ની પાસે જાવ,' 'આવી વાત સાંભળી પેલો માણસ તો પરેશાન થઈ ગયો. તે સંતની શીખામણનો મતલબ સમજી શક્યો નહીં... ત્યારે સંતે સમજાવતા કહ્યું,'ભાઈ, તમે જે ધર્મમાં માનો છો એ ધર્મમાં ન માનવા વાળા પાસે જશો તો તમારી ચર્ચામાં એ તમારાધર્મની ટીકા-ટીપ્પણી કરે અને જો તમે એ ટીકા-ટીપ્પણીથી ગુસ્સે ન થાય તો તમારામાં સહિષ્ણુતા છે એમ સાબિત થશે. જે ઉપરવાળા ઈશ્વરને ખૂબ પસંદ છે. એ સહિષ્ણુતા જ તમારા પાકા ધાર્મિક હોવાની સાબિતી છે. તમે તમારા વિરોધીથી પણ ગુસ્સો ન કરો તો જ તમને મનની શાંતિ પ્રાપ્ત થાય, તો જ તમે ખુદાના સાચા બંદા તરીકે તમારું સ્થાન પ્રાપ્ત કરી શકશો!'

સંત આરિફની વાત સાંભળી પેલા માણસને હકીકત સમજાઈ.

તાજમહાલનો વિવાદ નિરર્થક

તંત્રીસ્થાનેથી...

તાજમહાલ વિશે ઊડઝૂડ નિવેદનો કરનાર અને રાજયના પ્રવાસન નકશામાંથી એને ધરાર બાકાત કરી દેનારા ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી યાદિત્યનાથને એ જ ઐતિહાસિક ઈમારતમાં સ્વચ્છતા અભિયાનના નામે ઝાડુ લગાવવાની ફરજ પડે તે કેવી વિડંબના છે ! યોગી આદિત્યનાથ મૂળે તો કટ્ટર હિંદુત્વવાદી સાધુ છે. ગોરખપુરના સ્થાન દેવતા ગોરખનાથ તરફની પ્રજાની પરંપરાગત શ્રદ્ધાને કારણે તેઓ એ બેઠક પર વારંવાર ચૂંટાયા રહ્યા છે. પરંતુ ભારતીય જનતા પાર્ટીના હુકમના એક્કા જેવા મૂળ એજન્ડાના એ અગ્રદૂત રહ્યા છે. જો કે તાજમહાલને એમણે એક આરસનો મકબરો કહી ઉતારી પાડવાનો પ્રયાસ કર્યો અને વિશ્વની અજાયબીઓમાં ભારતની એક માત્ર ઈમારત તરીકે સ્થાન પામનાર તાજમહાલ એ કોઈ પ્રવાસીઓને બતાવવા જેવી ચીજ છે જ નહીં - એવો નઠોર અને કઠોર અભિગમ અપનાવી એમના સડકછાપ હિંદુત્વના એજન્ડાનું અમલીકરણ પણ કરી બતાવ્યું, પણ યોગદીનો આ દાવ ખુદ ભારત સરકાર માટે શિરોવેદના બની રહ્યો હતો. પુરાતત્ત્વવિદોમાં પણ બે સામસામાં જૂથ છે. હિંદુત્વના પુરસ્કર્તાઓ અને 'તેજોમહાલય' સિદ્ધ કરવા મથતા રહ્યા છે. પ્રાચીન શિવમંદિર તોડીને એના હાડપિંજર પર બાદશાહ શાહજહાંએ પ્રિય બેગમની સ્મૃતિમાં ભવ્ય મકબરો ચણાવ્યો હોવાની થિયરી ઝટ ગળે ઊતરે એવી નથી. પ્રિયતમાની સ્મૃતિમાં યાદગાર સ્મારક બનાવવા માટે હિંદુ મંદિર તોડવાની જરૂર ખરી ? તાજમહાલ બનાવવાં બાવીસ વર્ષ લાગ્યા હતા. હજારો મજૂરોને રોજગાર મળ્યો હશે અને તે સમયના હિસાબે લાખોનો ખર્ચ થયો હશે. શું શાહજહાં બેગમ મુમતાઝ મહલ પાછળ આટલો મોટો ખર્ચ કરી શકતો હોય તો સ્વતંત્ર ઈમારત ન બનાવે ? હિંદુ પ્રજાની લાગણી દૂભવી મકબરો બનાવવામાં તે વળી કયું શાણપણ હોઈ શકે ? પરંતુ આખરે વૈજ્ઞાનિક તારણો પરથી પુરાતત્ત્વવિદોને તાજમહાલ હિંદુ શિવાલયમાંથી રૂપાંતરિત ઈમારત લાગતી હોય તો એ સત્ય પણ સહુએ ઉદારતાપૂર્વક સ્વીકારવું પડે. જે હોય તે, તાજમહાલ હિંદુસ્તાનની શાન છે અને પ્રેમના પ્રતીક તરીકે છેલ્લાં ઘણા લાંબા સમયથી એની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા છે. એટલે એને ઉત્તરપ્રદેશના પ્રવાસન નકશામાંથી જ અલોપ કરી દેવાનું યોગી આદિત્યનાથનું પગલું વખોડવા પાત્ર જ નહીં બલકે હાસ્યાસ્પદ પણ ગણાય. હવે એક વાર થૂંકેલું ફરી ચાટવા જેવી હાસ્યાસ્પદ સ્થિતિ સરજાઈ છે તે કેન્દ્ર સરકારના અર્થાત્ વડાપ્રધાનના અંગત હસ્તક્ષેપની જ ફલશ્રુતિ છે. 'બૂંદ સે ગઈ વો હૌજ સે નહીં આતી' એ કહેવત મુજબ યોગી આદિત્યનાથ અને એમની જયશ્રીરામના નારા લગાવનારી તથા તાજમહાલમાં નમાજ પઢવાની જેમ જ શિવ ચાલીસા ગાવાની હરકત કરનારાં સાંપ્રદાયિક પરિબળોએ વણસાડી મૂકેલી પરિસ્થિતિ સુધારી શકાય એ વાતમાં માલ નથી. યોગી આદિત્યનાથના રાજયારોહણથી ભારતીય જનતા પાર્ટીના વાજપેયી જેવા વરિષ્ઠ નેતાઓએ ઊભી કરેલી પાર્ટીની સર્વાશ્લેષી પ્રતિભાને ભારે ઘસારો પહોંચ્યો છે અને ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આંતરરાષ્ટ્રીય પ્રતિભા ઝંખવાઈ છે. ઉત્સાહી નેતાઓ જ ભાજપને ભારે પડી જવાના છે.

મહાદેવ દેસાઈ એટલે મહાત્માનું વધારાનું શરીર

મહાદેવના નિધનથી ગાંધીજી ખરેખર અનાથ બન્યા છે : રાજાજી

ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

અગાઉના લેખમાં મહાદેવ દેસાઈને આપણે ગાંધીજીના ગણેશ અને હનુમાન તરીકે જોયા હતા. મહાભારતના લહીયા ગણેશ હતા. એક સહુ જાણો છો તો સાથે આપમે સહુ એ પણ જાણીએ છીએ કે ગાંધીના ગણેશ મહાદેવભાઈએ પણ ગાંધીના રહસ્ય સચિવ તરીકે લહિયાનું કામ આજીવન કર્યું હતું. ગાંધીજીને ૧૯૧૭માં નરહરિ પરીખ સાથે મહાદેવભાઈ ચંપારણ સત્યાગ્રહ સમયે મળ્યા હતા. અને ૨૫ વર્ષનો આ યુવાન આજીવન ગાંધી સાથે રહ્યો. ગાંધીમય રહ્યો. ગાંધીજીએ તેમની આત્મકથા તો ૧૯૨૧માં સથી નાંખી. વિશ્વ સમક્ષ એ પ્રસ્તુત થઈ ગઈ. એ પછીના ૧૯૨૧થી ૧૯૪૮ના વર્ષોમાં ગાંધીજીએ સ્વરાજની લડત અને તેમના સત્યના પ્રયોગો કેવી રીતે ચલાવ્યા એની જનજન સુધી પહોંચાડવામાં મહાદેવભાઈ દેસાઈ જ માધ્યમ બન્યા હતા. ગાંધીના મહત્ત્વના વિચારો જે આપણી સમક્ષ વ્યક્ત થયા છે એ મહાદેવભાઈની ડાયરીને આભારી છે. ૫૦૦ - ૫૦૦ પાના સાથેના ગાંધીજીનો અક્ષરદેહના ૮૨ ભાગ હોય કે નાનકડી પુસ્તિકા હોય મહાદેવભાઈના લખાણોના હોત તો ગાંધીજીના જીવનના અનેક અધ્યાયો આપણને સુલભતાથી ઉપલબ્ધ થયા ન હતો. એ દૃષ્ટિ એ મહાદેવ દેસાઈનું મહત્વ મહાભારતના લખનાર ગણેશજી જેટલું છે.

નરહરિ પરીખ અને રામનારાયણ વિ. પાઠક 'ટ્વિરેફ' જેવા સમર્થ ગુજરાતી સાહિત્યકાર - વિવેચકના સહપાઠી એવા મહાદેવભાઈ ૨૫ વર્ષ સુધી કૉલેજ શિક્ષણ અને કાયદાનું શિક્ષણ મેળવીને વકીલાત કરતા હતા. પરંતુ ૨૫માં વર્ષે ગાંધીજીને મળ્યા પછી બાકીના ૨૫ વર્ષ તેમણે ગાંધીજી સાથે જ કાઢ્યા. જેલની કોટડી હોય કે આશ્રમ કે પ્રયાસ સતત ગાંધી સાથે જ તેઓ રહ્યા હતા. રામની ભક્તિ કરતા હનુમાનજીને આપણે જાણીએ છીએ તેવી જ ભક્તિ કરતા હનુમાનજીએ આપણે જાણીએ છીએ તેવી જ ભક્તિ સાથે મહાદેવ ગાંધીજી સાથે જોડાયેલા હતા. એથી તેઓ ગાંધીના ગણેશ ઉપરાંત ગાંધીના હનુમાન તરીકે ઓળખાય છે. અલબત્ત આપણે જેમને ગાંધીના હનુમાન તરીકે ઓળખીએ છીએ તે મહાદેવભાઈ ગાંધીના હનુમાન તરીકે હરમાન કેલન બાકને ઓળખાવે છે. મહાદેવભાઈનું નિધન થયું એના ચારેક મહિના પહેલા તેઓએ દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીને આર્થિક અને રચનાત્મક ઘણો સહકાર સહાય આપનાર આર્કિટેક્સ એવા હરમાન કેલનને 'માય ડીયર અંકલ હનુમાન' એવું સંબોધન કરે છે. આથી મહાદેવભાઈની દૃષ્ટિએ ગાંધીના હનુમાન કેલન બાક છે.

મહાદેવ દેસાઈ ૧૯૧૭માં ગાંધીને મળે છે. એ દૃષ્ટિએ મહાત્મા અને મહાદેવના મિલનની આ ૨૦૧૭નું વર્ષ શતાબ્દિ વર્ષ છે. એ નિમિત્તે આજનો લેખ મહાદેવભાઈ દેસાઈના જીવનની ઝાંખીનો ત્રીજો લેખ છે.

અગાઉ વાત કરી એમ રામનારાયણ વિ. પાઠકના વિદ્યાર્થીકાળથી મિત્ર એવા મહાદેવભાઈ દેસાઈ વિષે ગુજરાત યુનિવર્સિટીના રાજયશાસ્ત્ર વિષયના પ્રાધ્યાપક શ્રી દેવવ્રત પાઠકે સરસ મજાની વાત કરી હતી. દેવવ્રત પાઠક એ રા.વિ. પાઠકના ભત્રીજા હતા અને લોકશાહી મૂલ્યોના જતન માટે આજીવન ઝુંબેશ ચલાવનાર કર્મશીલ પણ હતા. આ દેવવ્રત પાઠકે સમાજ વિજ્ઞાની અચ્યુતભાઈ યાજ્ઞિકને એમ કહ્યું હતું કે, મહાદેવભાઈ દેસાઈ જેવો હેન્ડસમ માણસ મેં આજ સુધી જોયો નથી. ગાંધીકથા માટે ગાંધીનગર આવેલા નારાયણભાઈ દેસાઈને આપણે તેમની સહસ્ત્રચંદ્ર દર્શન વટાયેલા પાકટ વયના જોયા હતા. નારાયણદાદાદની ઝલકમાં આપણે મહાદેવભાઈને યાદ કરીએ તો દેવવ્રત પાઠકની વાત અણીશુદ્ધ સાચી ગણાવી શકાય.

ગાંધીને પણ મહાદેવભાઈ વિના સહેજે ગોઠતું નહીં એવો સંદર્ભ તેમના પત્રમાં મળે છે. ૧૯૩૦માં મહાદેવભાઈ તેમના વતનમાં પત્ની અને પુત્ર પાસે ગયા હોય છે ત્યારે ગાંધીજી નારાયણભાઈ દેસાઈને પત્ર લખે છે : નારાયણ રાવ,

કેબાબલો ? તે ટીસા તો સારા કાઢ્યા લાગે છે. પણ ટીસાને બદલે અક્ષરના ચિત્ર કાઢતા શીખ. મહાદેવ આવ્યા એટલે ખૂબ ગમ્મત લૂંટે છે ના? વહેલો પાછો મોકલી ના દેતો. - બાપુના આશીર્વાદ.

અનુસંધાન પાના નં. ૫ પર

ગાંધી વિચાર : શાશ્વતીનું પાવક ઝરણ

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

૧૯૧૬ના વર્ષમાં લખનૌ શહેરમાં એક અલગ પ્રકારની ગતિવિધિ તથા ચહલપહલ જોવા મળતા હતા. લખનૌ શહેરમાં કોંગ્રેસ મહાસમિતિની બેઠકનું આયોજન થયું હતું. આઝાદીની ઉષાનું દર્શન હજુ દૂર સુધી કોઈને થતું ન હતું તેવો આ સમય હતો. આવા સમયમમાં કોંગ્રેસનું અધિવેશન શાસકો તથા સમાજના ઘણાં લોકોનું ધ્યાન દોરે તે સ્વાભાવિક હતું. રાષ્ટ્રીય કક્ષાએ કોંગ્રેસના હાથમાંજ દેશની મુકિત માટેનું સુકાન આ સમયે હતું. લખનૌ અધિવેશનમાં દક્ષિણ આફ્રિકામાં એક અલગ પધ્ધતિથી સરકાર સામેની લડત લોકોનો સાથ મેળવીને લડનાર 'ગાંધીભાઈ' પણ હાજર રહેવાના હતા જે એક મહત્વની વાત હતી. ઘણાં લોકોએ ગાંધીભાઈની આફ્રિકાની લડતો વિષે સાંભળ્યું હતું. આથી તેમનામાં એક વિશેષ રસ તથા ઉત્સુકતા પણ મહાસમિતિના સભ્યોમાં જોવા મળતા હતાં. ગાંધીજી મહાસભામાં પોતાનું પ્રવચન આપવા ઉભા થયા. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાની સ્થિતિ વિષે પણ એક ઠરાવ રજૂ કરેલો પરંતુ તેની ખાસ નોંધ લેવામાં આવી ન હતી. ગાંધીજીએ તેમનું ટૂંકુ પ્રવચન હિન્દીમાં કર્યુ તે વાતના સંદભમાં શ્રી નારાયણ દેસાઈએ એક રસ પડે તેવી ઘટના ટાંકી છે. મુહાવરેદાર ભાષાના લખનવી માહોલમાં ગાંધીજીએ હિન્દીમાં પ્રવચન કરવાનું શરૂ કર્યુ. હાજર રહીને પ્રવચન સાંભળતા લોકોએ અંગ્રેજીમાં બોલવાનો આગ્રહ કર્યો. પરંતુ પોતાને જે વાત ઉચિત લાગે તેમાં પીછેહઠ કરવામાં માને તેવા ગાંધીભાઈ ન હતાં. તેમણે ઉલટો શ્રોતાઓને જ પડકાર કર્યો. જાણે પોરબંદરના સમુદ્રના એક શકિતશાળી મોઝાએ જપટ મારી. ગાંધીજી કોંગ્રેસના મહાસભાના સભ્યોને કહે છે: હું તમને એક વર્ષની મુદત આપુ છું. આવતા વર્ષથી હું કોંગ્રેસ અધિવેશનોમાં માત્ર હિન્દીમાંજ બોલીશ! '' ગાંધીના આ પડકારે ઘણાંને વિચાર કરતા કર્યા હશે. ૧૯૧૬ પછીના વર્ષોના કોંગ્રેસ અધિવેશનમાં આ 'ગાંધીભાઈ'નો દબદબો રહેવાનો હતો તે ઘટનાના જાણે કે આ આગમના એંધાણ હતા.સાથે સાથે આ નાની ઘટનામાં ગાંધીજીના અપાર આત્મવિશ્વાસ અને દ્રઢતાના દર્શન થતા હતા. દેશના રાજકીય આકાશમાં એક નૂતન સૂર્યોદયનો અહેસાસ પણ ઘણાં લોકોએ કર્યો.

બાપુનો સંદર્ભ કેન્દ્રમાં રાખીને દિપાવલી ઉત્સવના આ હર્યાભર્યા માહોલમાં મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના ઈતિહાસ વિભાગના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપનો સુયોગ થયો. ગૂજરાત વિદ્યાપીઠ એ અમદાવાદ શહેરનુંજ નહિ પરંતુ સમગ્ર રાજયનું ગૌરવ વધારનારી સંસ્થા છે. દેશની બહુ ઓછી સંસ્થાઓ એવી હશે કે જેની સાથે આટલી મોટી સંખ્યામાં મહાનુભાવો જોડાયેલા હોય. મહાત્મા ગાંધી થી શરૂ કરી 'સેવા' ના નિર્માતા ઈલાબેન ભટ્ટ જેવા દ્રષ્ટિસંપન્ન લોકોએ વિદ્યાપીઠની અનેકવિધ પ્રવૃત્તિઓની દોરવણી કરી છે. સંસ્થાને તેના હેતુઓને અનુરૂપ ચલાવવાના તમામ નિષ્ઠાપૂર્વકના પ્રયાસ થયા છે.

ઈતિહાસના વિદ્યાર્થીઓને ઐતિહાસિક સંદર્ભો સાથે થોડો વિશેષ લગાવ હોય તે સ્વાભાવિક છે. કેટલાક ચરિત્રો અને ઘટનાઓ એવી હોય છે કે, જેનું ઈતિહાસમાં મહત્વનું સ્થાન હોય છે. જેમકે ભારતમાં રેલ-વે અથવા પોસ્ટની શરૂઆત થઈ તે મહત્વની ઐતિહાસિક ઘટના છે. શહેનશાહ અકબર કે ટીપુ સુલતાનનો શાસનકાળ એ પણ એક મહત્વનો ઘટનાક્રમ છે. આ શાસનકાળના અભ્યાસથી આ બન્ને મહત્વના રાજવીઓના ચરિત્ર એક શાસક તરીકે નજર સમક્ષ આવે છે. ઈતિહાસની નાની – મોટી ઘટનાઓના આલેખન-અભ્યાસથી સળંગ ઈતિહાસનું દર્શન થાય છે. પરંતુ ગાંધી આવા ઈતિહાસના સામાન્ય ક્રમથી અલગ તરી આવે છે. મહાત્મા ગાંધી ઈતિહાસનું એક પાત્ર નહિ પરંતુ ઈતિહાસનું સર્જન કરનારા મહામાનવ છે. ગાંધીજીએ સત્ય તેમજ અહિંસાના પાયા ઉપર જ એક અલગ ઈતિહાસનું નિર્માણ સત્યાગ્રહના નૂતન સાધનથી કર્યું. જગતે એક નવાજ પ્રયોગનું દર્શન ગાંધીજીની લડતમાં કર્યું. સૌરાષ્ટ્રના કવિ ભૂદરજી લાલજી જોશીએ આ વાત તેમના સુંદર તથા સુપ્રસિધ્ધ કાવ્યમાં કરી છે.

તોપ નલવાર નહિ
બંદૂક બારુદ નહિ
હાથ હથિયાર નહિ
ખુલ્લે શિર ફિરતે
વિકૃત વિજ્ઞાન નહિ
બંબર વિમાન નહિ
તરકટ તોફાન નહિ
અહિંસા વ્રત વરતે
ટેંકોકા ત્રાસ નહિ
ઝહરી ગિયાસ નહિ
લાઠીકા સહત માર
રામ રામ રટતે
ભૂદર ભનંત
બીન શસ્ત્ર ઈસ જમાનેમેં
ગાંધી બિન બસુધા મેં
કૌન વિજય વરતે!

આજના યુગની ગતિવિધિઓમાં ગાંધી કેવા તથા કેટલા સાંપ્રત છે તેની ચર્ચા પ્રસંગોપાત થયા કરે છે. સૌ યુવાન લોકોના મનમાં કદાચ આ પ્રશ્ન વિશેષ માત્રામાં ઉઠતો હોય તેમ બની શકે.ગાંધીજીનું સમગ્ર જીવન જોઈએ તો સત્ય-અહિંસા તથા કરુણા જેવા ઉત્તમ માનવીય મૂલ્યોને કેન્દ્રમાં રાખીને તેઓ જીવ્યા છે. સતત પ્રયોગશીલ રહ્યાં છે. આવા નિરંતર પ્રયોગો માટે પોતે લખે છે:'' મારા પ્રયોગો વિશે હું કોઈપણ પ્રકારની સંપૂર્ણતા આરોપતો નથી..... તેમાંથી (પ્રયોગોમાંથી) નિપજાવેલાં પરિણામોને છેવટના ગણાવતો નથી.'' કોઈપણ સાતત્યપૂર્ણ અને પ્રયોગશીલ જીવન જીવતા વ્યકિતઓજ આવું વિધાન કરી શકે. પોતાના પ્રયોગો કે તે પ્રયોગોમાંથી નિપજેલા પરિણામો વિષે પણ તેઓ સહેજપણ આસકત નથી. પોતાની વાતને આગળ વધારતા ગાંધીજી લખે છે કે તેમણે દર્શાવેલા પ્રયોગોને દ્રષ્ટાંતરૂપે ગણી સહુએ પોતપોતાના જીવનમાં પ્રયોગો યથાશકિત તથા યથામતિ કરવા જોઈએ. આટલા પરિવર્તન શીલ વિચારો ધરાવતા માનવી કોઈ પણ કાળમાં અસંબંધ કે અપ્રસ્તુત થઈ શકે નહિ. બાપુના વિચારોની ગતિશીલતા કે પરિવર્તન પણ અંતે તો કલ્યાણકારી અને સર્વ સમાવેશક માનવીય મૂલ્યોમાંથીજ બળ-પ્રેરણા તથા દિશા મેળવે છે.

ગાંધીજીના વિચારો તથા તેમનું જીવન યુવાનો સુધી પહોંચાડવાનો પ્રયાસ ગૂજરાત વિદ્યાપીઠ જેવી સંસ્થાઓ કરે છે તે બાબત નોંધપાત્ર છે. અંતે તો આપણે સૌ આપણાં વાણી-વર્તન-વિચાર તેમજ આચરણમાં ગાંધી વિચારને ઝીલવાનો પ્રમાણિક પ્રયાસ કરીએ તો સમાજ પરિવર્તનની દિશામાં એક મહત્વનું પગલું ભર્યું ગણાશે. જો આપણો આ નિર્ણય હશે તો કુદરતના તેમાં જરૂર આશીર્વાદ હશે. ગાંધી વિચારનું આરચણ એ સમયની માંગ છે. આ બાબતને કેન્દ્રમાં રાખી જીવન જીવવાનો પ્રયાસ કરવા જેવો છે.

વિસરાતી વાનગી

પિસ્તા અને ગુલાબ ઘારી

સામગ્રી :

માવો - ૧૫૦ ગ્રામ, પિસ્તા - ૧૨ થી ૧૩ નંગ, ઈલાયચી - ૫ નંગ, બદામ - ૩ નંગ, ગુલાબ - બે પાંદડી, બૂરું ખાંડ - ૫ ચમચી, ગુલાબ - ૧ ટીપું એસેન્સ.

ચોખ્ખું ઘી - ૧૫૦ ગ્રામ તળવા માટે, ચોખ્ખું થીજેલું ઘી - ૧૫૦ ગ્રામ ઉપર રેડવા માટે.

લોટ માટે :

મેંદો - ૧૫૦ ગ્રામ
ઘી - મોયણ માટે - ૩ ચમચી
પાણી - જરૂર મુજબ

રીત :

સૌપ્રથમ પિસ્તા, ઈલાયચી, બદામ કશ કરી લો. તેને અલગ બાઉલમાં કાઢી લો, પછી માવો નોનસ્ટીકમા ધીમા તાપે પાંચ મિનિટ માટે શેકી લો.

તેને એકદમ ઠંડો પડી જવા દો. પછી તેમાં બૂરું ખાંડ નાખી દો, ત્યારબાદ બે ભાગ પાડી દો. તેમાં એક ભાગમાં ઈલાયચીનો કશ કરેલો ભુકો નાખો અને બીજા ભાગમાં ગુલાબની પત્તીઓ. ગુલાબનું એસેન્સ નાખો. અને એક ભાગ પિસ્તાવાળો હાથમાં લઈ તેમાં વચ્ચે ખાડો પાડીને ગુલાબનું મિશ્રણ મુકી પછી પુરીને ગોળ વળીને બેઠો આકાર આપો. પછી મેંદો, ઘીનું મોયણ નાખી લોટ બાંધો. તેની પૂરી નાની વણો. અને તેમાં તે ગોળ પૂરણ મૂકો અને કચોરીની જેમ બેઠી વાળી દો. પછી ધીમા ગેસ પર ઘી મૂકી તેમાં ધારી ધીમી તાપે તળો. પછી તેને ઠંડી પડવા દો. પછી તેના ઉપર થીજેલું ઘી રેડીને મૂકો. ધારી તૈયાર થઈ જશે.

દલપત પઢિયારને નરસિંહ મહેતા એવોર્ડ

સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્યનિધિ દ્વારા હરસાલ ગુજરાતી કવિતાના શ્રેષ્ઠ સર્જકને 'નરસિંહ મહેતા એવોર્ડ' નામનો પ્રતિષ્ઠિત પુરસ્કાર આપવામાં આવે છે. આ પુરસ્કાર ગુજરાતી સાહિત્યના સંવેદનશીલ ભક્ત કવિ અને સુપ્રસિદ્ધ સાહિત્યકાર, ગાંધીનગર સાહિત્યસભાના સભ્ય અને ગાંધીનગરના ઘરેણાસમા દલપતભાઈ પઢિયારને શરદ્‌પૂર્ણિમાની શીતળતાભરી સાક્ષીએ અને ગરવા ગિરનારની ગોદમાં, રૂપાયતના પરિસરમાં, પૂજ્ય સંત મોરારિ બાપુના વરદ્‌ હસ્તે એનાયત કરવામાં આવ્યો અને સાથે જ કવિ ગુલામ મોહમ્મદ શેખને પણ આ પ્રતિષ્ઠિત પુરસ્કારથી નવાજતા, પૂ. મોરારિ બાપુએ ગુજરાતી કવિતા અને આ નરસિંહ મહેતા એવોર્ડ પ્રત્યે અહોભાવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ભક્તકવિ નરસિંહ મહેતાની આ ભૂમિમાં રાસથી રાસેશ્વર સુધીની આ યાત્રા અદ્‌ભૂત છે. શબ્દ અને કવિતા પોંખાવા જોઈએ. નરસિંહ મહેતાના આ પવિત્ર ધામમાં આ ધરતીરૂપી ધૂપિયામાં કવિ દલપતરામ પઢિયાર ગૂગળ છે જ્યારે કવિ ગુલામ મોહમ્મદ શેખ લોબાન છે, આમ બંનેના ધૂપની એક સાથે જ ફોરમ ફોરાય છે. દત્ત અને દાતાર વચ્ચે સેતુરુપ બનેલ નરસૈયાની ભૂમિમાં શબ્દને પોંખવાનો સુઅવસર સર્જાયો છે, જે અનન્ય છે.

આ પ્રસંગે જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત સુપ્રસિદ્ધ સાહિત્યકાર રઘુવીરભાઈ ચૌધરી; પદ્મશ્રી ભીખુદાન ગઢવી; હરિશ્ચદ્ર જોષી; પૂર્ણિમાબેન ખંડેરિયા; હેમંત નારાવટી; સત્યાબેન પઢિયાર અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં કવિ દલપતભાઈ નરસિંહ મહેતાની ધાતુની પ્રતિમા અને પુરસ્કાર રાશિ સ્વરુપે રૂા. ૧,૫૧,૦૦૦ નો ચેક અર્પણ કરીને બહુમાન કરવામાં આવ્યું હતું. સાહિત્યકાર હર્ષદભાઈ ત્રિવેદીએ કવિ દલપત પઢિયારના કાવ્યસર્જન વિષે વકતવ્ય આપ્યું હતું. દલપતભાઈ પઢિયારે આ પ્રસંગને કવિતાનો ઉત્સવ અને શબ્દોનો માંડવો ગણાવીને, સ્વરચિત કાવ્યોનું પઠન કર્યું હતું.

કવિ દલપત પઢિયારનાં થયેલ પોંખણાં એ નગર માટે તથા ગાંધીનગર સાહિત્યસભા માટે એક ગૌરવપૂર્ણ બાબત લખી શકાય. તેઓને ખૂબ ખૂબ અભિનંદનસહ અંતરની શુભકામનાઓ.

● તા.૭મી ઑકટોબર, ૨૦૧૭ના રોજ, સાહિત્યકાર ચીનુ મોદીના જન્મદિનની ઊજવણી નિમિત્તે કવિ અને ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય પ્રતાપસિંહ ડાભી 'હાકલ'ના કાવ્યસંગ્રહ 'એ માણસને શોધી કાઢો'નું લોકાર્પણ, રા.વિ. પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે કવિ રાજેશ વ્યાસ 'મિસ્કીન' અને કવિ શોભિત દેસાઈ દ્વારા તથા ગઝલોની ઓડીઓ સીડી 'ઘૂંટાતો અમલ' નું લોકાર્પણ કવિ અને ગઝલકાર હર્ષ બ્રહ્મભટ્ટ દ્વારા તથા કવિ રમેશ દરજીના કાવ્યસંગ્રહ 'તારી આંખનું આકાશ'નું લોકાર્પણ કવિ રાજેન્દ્ર પટેલના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કવિ સંમેલનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કવિ ગણ હર્ષબ્રહ્મભટ્ટ; રાજેશ વ્યાસ 'મિસ્કીન'; રાજેન્દ્ર પટેલ; ભાવેશ ભટ્ટ; અનિલ ચાવડા; ચંદ્રેશ મકવાણા; તેજસ દવે, પ્રતાપસિંહ ડાભી 'હાકલ'; રમેશ દરજી વિગેરે કાવ્યપઠન કર્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન કવિ શોભિત દેસાઈએ કર્યું હતું. કવિ પ્રતાપસિંહ ડાભી 'હાકલ' ને ખૂબ ખૂબ અભિનંદનસહ અંતરની શુભાકામનાઓ.

● ગુજરાતી સાહિત્ય, અમદાવાદનું ૪૯મું અધિવેશન ગુજરાતી સેવા મંડળ, સિકંદરાબાદના યજમાનપદે આગામી તા. ૨૩, ૨૪, ૨૫ ડિસેમ્બર, ૨૦૧૭ના દિવસો દરમિયાન જીટીપીએલ ચેનલ (૬૦૯) દ્વારા ચલાવવામાં આવતા 'કાવ્યરસ' કાર્યક્રમ અંતર્ગત, કવિ શૈલેષ પંડ્યા 'ભીનાશ' દ્વારા નિર્મિત કાર્યક્રમમાં, નવા અને જૂના એમ બંને પ્રકારના કવિઓ સાથે ખૂલીને વાત કરવામાં આવે છે. આ કાર્યક્રમનો ૬૪મો એપિસોડ તા. ૧૫-૧૦-૨૦૧૭ને રવિવ